શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમૂનું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૩ અંક : ૯
સપ્ટેમ્બર : ૨૦૨૧

संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च
प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत्

ભગવાન શ્રી સ્વામિનારાયણના સદ્વિદ્યા પ્રવર્તનના સંદેશને કાર્યાન્વિત કરી
પ્રાચીન ગુરુકુલ પરંપરાની અર્વાચીન ઢબે સ્થાપના કરનારા,
લાખો જીવના હૃદયને સુસંસ્કૃત કરી ભગવાન ઓળખાવનારા
સદ્વિદ્યા સદ્ધર્મ રક્ષક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના ચરણોમાં
ગુરુકુલની સ્થાપનાને ૭૫ વર્ષ થવા જઈ રહ્યા છે ત્યારે કોટિ કોટિ વંદન...

અખંડ ભગવદ્ પરાયણ પૂજ્યપાદ જોગી સ્વામીની ૧૦મી પુણ્યતિથિ પ્રસંગે સદ્‌ગુરુ સંતો દ્વારા હૃદય કુટિરે પૂજન, SGVP

પૂજ્ય જોગી સ્વામીની પુણ્યતિથિ નિમિત્તે અખંડ ધૂન પ્રસંગે
ઉપસ્થિત સંતો તથા ભક્તો, રીબડા ગુરુકુલ

ગણેશ ચતુર્થી પ્રસંગે ગણેશ પૂજન, યજ્ઞ
તથા અન્નકૂટના દર્શન, SGVP

તાજેતરમાં સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં અતિવૃષ્ટિ પ્રસંગે ખૂબ મોટા પ્રમાણમાં તારાજી સર્જાઈ હતી.
ત્યારે પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી SGVP ગુરુકુલ દ્વારા ગામડે ગામડે રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ ખાતે શ્રાવણ માસ દરમિયાન વિશાળ શિવલીંગનું પૂજન તથા
અભિષેક કરી રહેલા સંતો તથા ભક્તજનો, અમેરિકા

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૩, સપ્ટેમ્બર : ૨૦૨૧, અંક : ૦૯

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શ્યામજી ભગત
સંપાદક : સાધુ યશવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક	: રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ	: રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ	: રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ	: $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૬૧૨૧૬૧/૬૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

જીવનને જોવાને ચાલો સુંદરી

જીવનને જોવાને ચાલો સુંદરી,
ઊભા આવી વૃંદાવ મોજાર જો;
આભૂષણ પહેરીને અંગે ઓપતા,
હિંડોળતાને હૈડે ધારી હાર જો...જીવન૦ ૧

જેની તે જોતા'તા આપણ વાટડી,
આવ્યા તેતો કૃપા કરીને કાન જો;
વા'લોજી વજાડે ઘેરી વાંસળી,
તેમાં ગાવે છે તોડીને તાન જો...જીવન૦ ૨

બંસી સુણી મોહ પામ્યા મૃગલાં,
વહેતા થંભ્યા જમુનાનાં નીર જો;
ગાયું તો ત્યાગી છે ઊભી તૃણને,
વચ્છુ ભૂલી ગયા પીવું ખીર જો...જીવન૦ ૩

ગોકુળવાસી ગોવાળામાં ખેલતા,
જોઈએ એનું મુખડું જોડી નેણ જો;
ભૂમાનંદના વા'લા કેરા સાંભળો,
અતિ સુખદાયક એનાં વેણ જો...જીવન૦ ૪

।। अवतारा ह्यसङ्ख्येयाः ।।

- સ્વામી માધવપ્રિયદાસ

ભગવાનની અવતારો ધરવાની રીત અલૌકિક છે. તેઓ અનેક રીતે અને અનેક રૂપે અવતારો ધરે છે.

ભગવાન ક્યારેક દેવયોનિમાં, ક્યારેક મનુષ્યયોનિમાં તો ક્યારેક પશુ-પંખીઓની યોનિમાં પણ અવતારો ધરે છે.

ક્યારેક સ્થળમાં, ક્યારેક જળમાં, ક્યારેક નભમાં પ્રગટ થાય છે.

ભાગવતજીમાં સુતપુરાણી શૌનકાદિક ઋષિઓને કહે છે,

भावयत्येष सत्त्वेन लोकान् वै लोकभावनः ।

लीलावतारानुरतो देवतिर्यङ्नरादिषु ॥(भाग.१-३-४४)

'સૃષ્ટિનું સર્જન કરનારા એવા ભગવાન દેવ, પશુ-પંખી, મનુષ્ય વગેરે યોનિઓમાં લીલાવતાર ધારણ કરીને પોતાનાં અલૌકિક સામર્થ્યથી જીવોનું પાલન-પોષણ કરે છે.'

ભગવાનનું પ્રાગટ્ય માતાના ઉદર થકી જ થાય એવો નિયમ નથી, એ તો ક્યારેક પ્રહ્લાદ જેવા ભક્ત માટે સ્તંભ ફાડીને નરસિંહ રૂપે પણ પ્રગટે છે.

ભગવાનના અવતારોને દશ કે ચોવીશ સંખ્યાથી બાંધી શકાતા નથી, ભાગવતજીમાં લખ્યું છે કે,

अवतारा ह्यसङ्ख्येया हरेर्सत्त्वनिधेर्द्विजाः ।

यथाऽविदासिनः कुल्याः सरसः स्युः सहस्रशः ॥

(भाग.-१-३-२६)

'હે ઋષિઓ! જેમ અગાધ અને વિશાળ સરોવરમાંથી અનેક નાની નાની નહેરો નિસરે એમ સત્ત્વનિધિ ભગવાન શ્રીહરિમાંથી અસંખ્ય અવતારો થાય છે.'

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે,

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।

तान्यहं वेत्थ सर्वाणि न त्वं वेत्थ परन्तप ॥(गीता-४-५)

'હે અર્જુન! મારા અને તારા અનેક જન્મો થઈ ચૂક્યા છે, તે સર્વને હું જાણું છું, પરંતુ હે પરંતપ! તું એને જાણી શકતો નથી.'

ભગવાન શ્રીસ્વામિનારાયણ વડતાલના ૧૦ માં વચનામૃતમાં અવતારો અંગે એક વિશિષ્ટ વાત કરે છે,

"આ પૃથ્વીને વિશે રાજારૂપ અને સાધુરૂપ એ બે પ્રકારે ભગવાનના અવતાર થાય છે. તેમાં રાજારૂપે જ્યારે પૃથ્વી ઉપર પ્રગટ થાય ત્યારે તો ઓગણચાલીશ લક્ષણે યુક્ત હોય અને જ્યારે સાધુરૂપે પૃથ્વી ઉપર પ્રગટ થાય ત્યારે તો ત્રીશ પ્રકારના લક્ષણે યુક્ત હોય."

"શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કન્ધને વિશે પૃથ્વી ને ધર્મના સંવાદે કરીને રાજારૂપ જે શ્રીકૃષ્ણાદિક ભગવાનના અવતાર તેનાં ઓગણચાલીસ લક્ષણ કહ્યાં છે." (ભાગ.૧-૧૬-૨૫ થી ૩૦)

"એકાદશ સ્કન્ધને વિશે શ્રીકૃષ્ણ ભગવાન અને ઉદ્ધવના સંવાદે કરીને સાધુરૂપ જે દત્તાત્રેય, કપિલ આદિક ભગવાનના અવતાર તેનાં ત્રીસ લક્ષણ કહ્યાં છે." (ભાગ.૧૧-૧૧-૨૯ થી ૩૩)

અહીં સમજવા જેવું એ છે કે હજારો ચક્રવર્તી સમ્રાટ ભેગા થાય પણ ભગવાન ન થઈ શકે, પરંતુ જો ભગવાન ધારે તો રાજા રૂપે અવશ્ય અવતરે.

એ જ રીતે હજારો સદ્ગુરુઓ ભેગા થાય પણ ભગવાન ન થઈ શકે, પરંતુ જો ભગવાન ધારે તો સદ્ગુરુ રૂપે અવશ્ય અવતરે.

ભગવાન રાજાના રૂપમાં હોય તોય ભગવાન છે અને સદ્ગુરુના રૂપમાં હોય તોય ભગવાન છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણનું અવતરણ સદ્ગુરુ રૂપે થયું છે, છતાં એ માત્ર સદ્ગુરુ નથી, સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે.

વચનામૃતમાં ભગવાનપણાની ઘોષણાઓ

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં પોતાનાં પુરુષોત્તમપણાની ઘોષણા કરી એ જ રીતે ભગવાન શ્રીસ્વામિનારાયણે પણ વચનામૃતમાં અનેક વખત જાહેર કર્યું છે કે, 'અમે સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છીએ.' જેમાંના કેટલાક સંદર્ભ નીચે પ્રમાણે છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે,

"અક્ષર બ્રહ્માત્મક તેજને વિશે જે ભગવાનની મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે, એમ જાણજો. અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજો જે, 'અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.' એમ જાણશો તો પણ તમારે મારે વિષે હેત રહેશે. તેણે કરીને તમારું પરમ કલ્યાણ થશે." (વચ.ગ.મ.૧૩)

"અમારાં ચરિત્ર-લીલા તેને કહેવાં ને સાંભળવાં ને તેનું મનમાં ચિંતવન કરવું. અને જેને એનું ચિંતવન અંતકાળે જો થઈ આવ્યું હોય, તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે. અમારાં એ સર્વે ચરિત્ર, ક્રિયા તથા નામસ્મરણ તે કલ્યાણકારી છે." (વચ.ગ.મ. ૩૫)

"આજ જે સર્વે હરિભક્ત છે તે એમ સમજે છે જે, 'અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ તે અમને પ્રત્યક્ષ મળ્યા છે અને અમે કૃતાર્થ થયા છીએ." (વચ.ગ.પ્ર. ૩૧)

"તમને પ્રગટ પ્રમાણ મનુષ્યાકારે દેખાય છે એ જ ભગવાનનું સદાય મૂળ સ્વરૂપ છે." (વચ.કા. ૮)

"આ અવતાર સર્વોત્કૃષ્ટપણે વર્તે છે, એવી રીતે જેની પ્રત્યક્ષ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં અચળ મતિ હોય એનું કલ્યાણ જ થાય." (વચ.પં.૬)

"એ ભગવાન કેવા છે, તો ક્ષર-અક્ષર થકી પર છે ને સર્વ કારણનાં પણ કારણ છે ને અક્ષરરૂપ એવા જે અનંતકોટિ મુક્ત તેમણે સેવ્યાં છે ચરણકમળ જેનાં એવાં છે."

"એવા જે એ ભગવાન તે જ પોતે દયાએ કરીને જીવના પરમ કલ્યાણ કરવાને અર્થે હમણાં પ્રગટ પ્રમાણ થકા તમારી સર્વેની દૃષ્ટિગોચર સાક્ષાત્પણે વર્તે છે." (વચ.ગ.અં. ૩૧)

"એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન, તે જ દયાએ કરીને જીવના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરુપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ ભેદ નથી, એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે, ને સર્વ કારણનાં પણ કારણ છે, ને સર્વોપરી વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે, ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે." (વચ.ગ.અં. ૩૮)

આ રીતે ભગવાન શ્રીસ્વામિનારાયણે વચનામૃતમાં અનેક વખત પોતાનાં અવતારીપણાની ઘોષણાઓ કરેલી છે.

ભગવાન શ્રીકૃષ્ણ હોય કે ભગવાન શ્રીસ્વામિનારાયણ, એમની આ ઘોષણાઓ ખોખલી નથી, એમના અસાધારણ ઐશ્વર્યોથી ભરપૂર ચરિત્રોએ આ ઘોષણાઓને સત્ય સિદ્ધ કરી છે.

ભગવાન જ્યારે પૃથ્વી ઉપર અવતરે ત્યારે એને ઓળખવાની આંખ હોવી જોઈએ અને એવી આંખ ભગવાન અથવા તો સદ્‌ગુરુની કૃપાથી મળે છે.

ભગવાનનું ભગવાનપણું એમના લક્ષણોથી ઓળખાય છે અથવા તો મા જેમ પિતાને ઓળખાવે એજ રીતે શાસ્ત્રો અને સદ્‌ગુરુ અવતાર તત્ત્વને ઓળખાવે છે અથવા તો ભગવાન કૃપા કરે તો ઓળખાય છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણના લોકોત્તર લક્ષણો અને ઐશ્વર્યપૂર્ણ ચરિત્રો દર્શાવે છે કે તેઓ ભગવાન હતા.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી જેવા મહાન સંતોએ ઓળખાણ કરાવી છે કે, 'વેદાદિક શાસ્ત્રોમાં જેમને પૂર્ણ પુરુષોત્તમ નારાયણ કહ્યા છે, એજ આ સ્વામિનારાયણ ભગવાન છે.'

સ્વયં ભગવાન શ્રીસ્વામિનારાયણે કૃપા કરીને પોતાની ઓળખાણ કરાવી છે કે, 'અમે સર્વ કારણનાં કારણ ભગવાન પુરુષોત્તમ નારાયણ છીએ.'

ભગવાન શ્રીસ્વામિનારાયણ વચનામૃતમાં ભક્તો પ્રત્યે એક અદ્‌ભુત વાત કરે છે, "કદાચ તમને અમે ભગવાન છીએ એ માનવામાં સંકોચ થાય તો એટલું તો જરૂર જાણજો જે અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે તો પણ તમારું પરમ કલ્યાણ થશે." (વચ.ગ.મ.૧૩)

ગુરુકુલના સંસ્કાર

- પાર્ષદ શામજીભગત

પૂજ્યપાદ અખંડ ભગવદ્ પરાયણ જોગીસ્વામીના સત્સંગસભર આધ્યાત્મિક જીવન અને તેનાથી લાભાન્વિત થયેલા ભાવિક ભક્તોના અનુભવો સાથે પરમ પુજ્ય ગુરૂવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ 'જોગી સ્વામીની જીવન ગાથા' નામનો ગ્રંથ લખ્યો છે. પૂજ્યપાદ્ જોગી સ્વામી ૧૦૭મા વર્ષે અક્ષરનિવાસી થયા. તેમના ૧૦૮ વર્ષ પૂર્ણ થતા સદ્‌ગુરુ વંદના મહોત્સવના ઉપક્રમે પૂજ્ય સ્વામીજીની કલમે સદ્‌ગુરુ ગાથા અંતર્ગત આપણી ગુરુ પરંપરાના પરમ વંદનીય પરમહંસો સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીથી શરૂ કરીને પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામી તથા માનત સ્વામી સુધીના સંતોની જીવન ગાથા પ્રથમ ગુરુકુલ દર્શનમાં અને ત્યારબાદ ગ્રંથ રૂપે SGVP સંસ્થા દ્વારા પ્રકાશિત થઈ.

હજુ ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજના જીવન વિશે કલમ ચલાવવાની બાકી હતી. તેથી છેલ્લા સાત વર્ષ દરમિયાન પૂજ્ય સ્વામીજીએ ગુરુદેવના જીવન અને કાર્ય ઉપર જે કલમ ચલાવેલી છે તેનો એક મહાન ગ્રંથ તૈયાર થઈ રહ્યો છે, જે હવે ટૂંક સમયમાં પ્રકાશિત થશે. તેના સંદર્ભમાં ગુરુકુલ દર્શનમાં ગુરુકુલ ગાથા લખાય એવા આશયથી 'ગુરુકુલના સંસ્કાર' એ નામે આ લેખમાળા શરૂ કરી રહ્યા છીએ.

ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજના શબ્દોમાં કહીએ તો, 'આ ગુરુકુલ તો માનવજીવન ઘડતરનું કારખાનું છે.' આપણે જાણીએ છીએ કે ગુરુકુલ શબ્દ ભારતની અતિ



પ્રાચીન શિક્ષાપદ્ધતિનો દ્યોતક છે. વૈદિક સમયમાં ઋષિમુનિઓના આશ્રમમાં જઈને જીવનની શિક્ષા-દીક્ષા પામવાનો ઉપક્રમ ગુરુકુલો દ્વારા ચાલતો હતો. ગુરુના ગૃહને જ ગુરુકુલ કહેવાતું. ગુરુની આજ્ઞા પ્રમાણે દરેક ક્રિયા કરવી એ ગુરુકુલ શિક્ષાનું હાર્દ હતું. ગુરુનું જીવન શિષ્ય માટે મહાન આદર્શ ગણાતું. ગુરુના જીવનને અનુસરીને શિષ્યવર્ગ પોતાની ક્ષમતા પ્રમાણે વૈદિક શાસ્ત્રજ્ઞાન સાથે જીવનના અનુભવો પ્રાપ્ત કરતા. આ ગુરૂજનો ગૃહસ્થાશ્રમી ઋષિમુનિઓ હતા, એટલે શિષ્યો ગુરુના પરિવારના એક એવા સભ્ય બની જતા કે ગુરુના માનસપુત્ર તરીકે તેઓ સમર્પિત જીવન અપનાવી લેતા. ગુરુગૃહ(ગુરુકુલ)નિવાસ એ વૈદિક સમયની એક અલૌકિક ઘટના હતી, જેનો રાજા-મહારાજાના રાજકુમારો સહિત દરેક મનુષ્ય લાભ લેતા.

રામાયણ-મહાભારતના મુખ્ય પાત્રો તેમજ અન્ય રાજપરિવારના સંતાનો આ ગુરુકુલનિવાસના મહાન આદર્શ પ્રમાણો છે. ભગવાન શ્રીરામચંદ્રજી તેમજ ભગવાન શ્રીકૃષ્ણનારાયણ અને અન્ય રાજકુમારો સહિત સુદામાજીના ગુરુકુળ વાસના આખ્યાનો-કથાઓ આપણે સાંભળતા રહીએ છીએ. આ કથાઓ આપણને હંમેશા પ્રેરણા આપે છે.

એ વૈદિક ગુરુકુલ-જીવન અને સંચાલન-વ્યવસ્થાપનમાં ક્યાંય પણ વ્યાવસાયિક ગંધસરખી નહોતી. કુદરતી અને સાદું, સંયમી જીવન હતું. એ સમયે પણ માનવીય જીવનને સુખી-સમૃદ્ધ કરવાના સંશોધનો અને પ્રયોગો સતત થયા કરતા, તો પણ ત્યાં વ્યક્તિગત લાભ લેવાની કોઈનાં અંતરમાં ગણતરી રહેતી નહોતી. તેથી ગુરુકુલો ખરા અર્થમાં શિષ્યો માટે સંસ્કારજનની બની રહેતા.

રાજાઓ દ્વારા અથવા રાજવહીવટ દ્વારા આ ગુરુકુલ પરંપરાનુ ભરણપોષણ કરવામાં આવતું. તેથી ગુરુઓ-શિષ્યો નચિંત રહેતા. રાજાઓ અને વહીવટદારો આ ગુરુકુલ અને તેમજ ગુરુકુલમાં નિવાસ કરતા ગુરૂજનો સહિત તમામ ગુરુકુલ નિવાસીઓને

આદર્શ અને આદર-માન આપીને નિહાળતા. રાજ્ય સંચાલનની મુશ્કેલીઓ અને સમસ્યાઓમાં આ ગુરુકુલો માર્ગદર્શનરૂપ તેમજ મદદરૂપ બનતા.

સમર્થ સ્વામી રામદાસ અને શિવાજી મહારાજ તેમજ ચાણક્ય અને ચંદ્રગુપ્ત આ અંગેના ઉત્તમ ઉદાહરણો છે. શાસ્ત્રવિદ્યા અને શસ્ત્રવિદ્યાની તાલીમ સાથે જીવન ઘડતરની અનેકવિધ કલાઓ-આવડતો માટે આ ગુરુકુલોમાં પ્રત્યક્ષ તાલીમ મળી રહેતી.

ભારતીય સંસ્કૃતિની એ દિવ્ય અને ભવ્ય પરંપરાને સમગ્ર વિશ્વમાં ઊંચી નજરે નિહાળવામાં આવેલ. માટે જ સમગ્ર વિશ્વમાંથી હ્યુ-એન-સાંગ, ફાહિયાન જેવા જિજ્ઞાસુઓ ખેંચાઈ ખેંચાઈને ભારતની ગુરુકુલ વિદ્યાપીઠોમાં અભ્યાસ કરવા માટે આવતા. ભારતમાં એ સમયે ગરીબી ક્યાંય જોવા મળતી નહોતી; કુદરતી સમૃદ્ધિ સાથે ભૌતિક સુખ-સુવિધાઓ વિપુલ માત્રામાં જોવા મળતી હતી.

"यहां डाल डाल पर सोने की चीडिया करती है बसेरा,
वो भारत देश है मेरा.. वो भारत देश है मेरा..."

એ સમયે સમગ્ર ભૂમંડળમાં સમૃદ્ધિથી છલકાતો આપણો દેશ ભારત હતો.

આપણને સહેજે પ્રશ્ન થાય કે આ ગુરુકુલ પરંપરાઓ, એ સમૃદ્ધિ, એ સુખ-સુવિધાઓ બધું જ ક્યાં ખોવાઈ ગયું ? તો ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં ડોકિયું કરીએ તો જણાઈ આવે છે કે, મુખ્યત્વે ભારતની સમૃદ્ધિથી ખેંચાઈ આવેલા વિદેશીઓએ ભારતને ધીમે ધીમે લૂંટવાનું ચાલુ કર્યું. એટલું જ નહીં, પરંતુ ભારતીય જીવનપદ્ધતિમાં પણ તેમણે ક્લેશ અને કંકાસના એવા બીજ વાવ્યાં કે આખો સમય જ બદલાઈ ગયો. રાજાઓ પોતાના સ્વાર્થ માટે વિદેશીઓ સાથે ભળી જઈને માતૃભૂમિને લૂંટી જવામાં સહાયરૂપ થવા લાગ્યા અને ભારતની વૈદિક શિક્ષાપદ્ધતિમાં પણ વિદેશની સરકારો દ્વારા ધરમૂળ ફેરફારો કરીને નષ્ટપ્રાયઃ કરી દેવામાં આવ્યા.

મોગલ સામ્રાજ્ય અને અંગ્રેજ શાસનકાળ દરમિયાન ભારતીય સંસ્કૃતિની ઘોર ખોદવામાં આવી. સમયાંતરે લોકજીવનમાં માત્ર આજીવિકા માટે ભણતર અને અન્ય વ્યવસ્થાઓ ગોઠવાઈ ગયા.

સેંકડો વરસોની ગુલામી બાદ ભારતની પ્રજામાં એવા મહાપુરુષો પ્રગટ્યા કે જેમણે ભારતની પ્રજાને સ્વતંત્રતાની અને સ્વરાજની સમજણ આપીને જાગૃત કરી. અનેક સ્વતંત્રતા સેનાનીઓએ પોતાના પ્રાણના બલિદાન આપ્યાં અને આખરે ભારત સ્વતંત્ર થયું. મહાત્મા ગાંધીના શબ્દોમાં 'ભારતને આઝાદી તો મળી, પરંતુ જે અર્થમાં સ્વરાજ પ્રાપ્ત કરવાનું હતું તે હજુ સુધી પ્રાપ્ત નહોતું થયું.' તેથી ૧૯૪૭માં ૧૫મી ઓગસ્ટે ભારત આઝાદ થયું તેની સાથે જ કેટલાક કેળવણીકારો અને ધર્મજગતના સંતપુરુષોએ આ સ્વરાજની ભાવનાને યથાર્થ રીતે માનવજીવનમાં પ્રગટાવવા માટે સેવાના પ્રકલ્પો ચાલુ કર્યા.

આઝાદી સાથે આવેલી સમસ્યાઓ પણ નાનીસૂની ન હતી. તો પણ હિંમત હાર્યા વિના જે મહાન પુરુષોએ સેવાયજ્ઞ આરંભ્યા હતા, તેમાંનો એક સેવાયજ્ઞ એટલે સદ્‌વિદ્યા પ્રવર્તનનો મહાન સેવાયજ્ઞ. જેને આજે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ તરીકે ઓળખવામાં આવે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા શિક્ષાપત્રીમાં એક નાનકડો સંદેશ આપવામાં આવેલો.

"વિદ્યાર્થી ભણાવ્યાની પાઠશાળાની સંસ્થાપના કરીને તેમાં વિદ્વાન બ્રાહ્મણોને રાખીને સમગ્ર પૃથ્વી પર સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી. કેમ જે વિદ્યાદાને કરીને મહાન પુણ્ય થાય છે." શિક્ષાપત્રી શ્લોક - ૧૩૨

આ શિક્ષાપત્રીના દિવ્ય આદેશને આધારે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ભારતમાં ગુરુકુલ પરંપરાને પુનઃ સ્થાપિત કરી. આઝાદીના આરંભે આ મહાન સેવાયજ્ઞના બીજ રોપાયાં અને તત્કાલીન સૌરાષ્ટ્ર રાજ્યના પાટનગર ગણાતા રાજકોટ ખાતે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલની શરુઆત થઈ.

આપણે અહીં ઈતિહાસની વાત નથી કરવી, પરંતુ મૃતઃપ્રાય બની ગયેલી ગુરુકુલ પરંપરાને જાગૃત કરીને માનવીય જીવનમાં જે રીતે સંસ્કારસિંચન થયું છે અને થઈ રહ્યું છે, એ અંગે વાત માંડવી છે.

ગુરુકુલ એ માત્ર ધાર્મિક સંસ્થા નથી, ગુરુકુલ તે માત્ર

મંદિર નથી, ગુરુકુલ એ માત્ર શિક્ષણ સંસ્થા નથી, ગુરુકુલ એ માત્ર સામાજિક સેવાઓ કરતી સંસ્થા નથી. ગુરુકુલમાં ધર્મ, મંદિર, શિક્ષણ અને વિવિધ સેવાઓ એ બધું જ ચાલતું હોવા છતાં એનો મૂળ આશય માનવીય જીવનમાં મૂલ્યોની પ્રતિષ્ઠા કરવાનો છે. જેને સંસ્કારસિંચન કહેવામાં આવે છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલનું પ્રતીક આજથી ૭૫ વર્ષ પહેલા ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજ, કવિવર ત્રિભુવનભાઈ વ્યાસ અને આદ્ય ટ્રસ્ટીઓ દ્વારા જે નક્કી કરવામાં આવેલું તેમાં સંસ્કારની પ્રેરણા રહેલી છે.

આ પ્રતીક કલાની રીતે સૌંદર્ય તો ખૂબ જ ધરાવે છે, પરંતુ તેમાં જે સંસ્કારના ચિન્હો પ્રગટ થઈ રહ્યા છે, તે આ રીતે છે...

'સત્ય', 'ધર્મ'

'પ્રવર્તનીયા સદ્‌વિદ્યા ભૂવિ યત્સુકૃતં મહત્.'

ગુરુકુલમાં પ્રવેશ પામનાર વિદ્યાર્થીને સત્ય અને ધર્મના સંસ્કાર આપવામાં આવે છે. ઈશ્વરનિષ્ઠા અને આસ્તિકતા એ માનવીય જીવન માટે પાયાના સંસ્કાર છે. સત્ય એ જ ઈશ્વર છે અને ઈશ્વર એક જ સત્ય છે એવી ભાવના બાલ્ય અવસ્થામાંથી વિદ્યાર્થીના અંતરમાં દૃઢ થઈ જાય તો એના જીવનમાં સદાચારના બીજ આપોઆપ અંકુરિત થવા લાગે છે.

સત્ય માત્ર બોલવામાંથી જ પ્રગટ થઈ જતું નથી, પરંતુ સત્યને આચરણમાં ઉતારવું અનિવાર્ય છે. એટલે સત્યં વદની સાથે ધર્મં ચર એ બન્ને સૂત્રો સાથે મૂકવામાં આવે છે. સત્યને વ્યક્તિના દૈનિક જીવનમાં પ્રગટ કરાવવા માટે ધર્મના નિયમો ખૂબ જ ઉપયોગી બની રહે છે. આ ધર્મના નિયમો એટલે કાયમી સુખી થવાના ઉપાયો.

દરરોજ દારૂનો નશો કરનારાને પોતાને વ્યક્તિગત ક્ષણિક સુખનો અનુભવ થતો હશે, પરંતુ એ દારૂનો નશો એના પોતાના શરીરને અને પોતાના પરિવારને નષ્ટ-ભ્રષ્ટ કરી નાંખે છે. માટે ધર્મ મનુષ્યને દારૂ ન પીવાનો ઉપદેશ આપે છે.

વિદ્યાર્થી અવસ્થા સરળ અને કોમળ ભાવનાત્મક અવસ્થા છે. આ અવસ્થામાં દારૂના દુર્ગુણો કોઈ સંત દ્વારા અથવા શિક્ષક દ્વારા બરાબર જાણીને સમજાવી દીધા હોય તો વિદ્યાર્થી ક્યારે પણ દારૂ પીવાનો વિચાર પણ કરી શકતો નથી. તેથી ગુરુકુળનો વિદ્યાર્થી દારૂ પીતો નથી એમ કહેવામાં કોઈ મોટાઈ સમજતો નથી, પરંતુ આ કુટુંબજીવન માટે અને વ્યક્તિગત જીવન માટે ખૂબ જ મહાન ઘટના છે.

એ જ રીતે સમગ્ર સૃષ્ટિમાં દરેક જીવ-પ્રાણીમાત્ર અને બધા મનુષ્ય સુખી-સંપન્ન રીતે જીવે તે માટે ધર્મશાસ્ત્રોમાં માંસાહારનો નિષેધ કર્યો છે. માંસ ખાનારા માટે હિંસા અનિવાર્ય છે. કોઈ પ્રાણી કે પક્ષીને માર્યા વિના સીધેસીધું માંસ ક્યાંયથી મળતું નથી. એટલે ધર્મ સમજાવે છે કે 'અહિંસા છે એ જ મોટો ધર્મ છે.' કોઈને મનથી, વાણીથી કે શરીરથી હાનિ પહોંચાડવી કે તેને નુકસાન કરવું એ પણ હિંસા છે; તેથી ધર્મના સંસ્કાર પામેલો વિદ્યાર્થી માંસાહાર કરતો નથી. તેની સાથોસાથ કોઈની સાથે રાગ-દ્વેષ રાખતો નથી, કોઈની નિંદા-કૂથલી કરતો નથી, કોઈને દગો દેતો નથી અને કોઈનું મફતનું પડાવી લેતો નથી. તેથી આગળ વધીને અપશબ્દ પણ બોલતો નથી. માંસાહારના નિષેધથી અહિંસાનો સંસ્કાર અને તેને લીધે માનવજીવનમાં પ્રવર્તતા સુખ-શાંતિના અનુભવો એ માત્ર સંસ્કારી મનુષ્ય જ સમજી શકે છે, અન્યથા આ બાબતમાં અનેક વિચારભેદો ઊભા થતા જ રહે છે.

કોઈ માત્ર નિર્વ્યસની જીવન અંગે વિચાર કરે, તો માલૂમ થશે કે વ્યસન દ્વારા માનવજીવનની કેટલી અધોગતિ થાય છે ! દારૂ, તમાકુ કે અન્ય વ્યસનોથી હરેડ બંધાણી થયેલો વ્યસની પણ એવું નથી ઈચ્છતો કે મારો દીકરો મારા જેવો વ્યસની બને. ત્યારે ગુરુકુલમાં ભણીગણીને તૈયાર થયેલો વિદ્યાર્થી હંમેશા નિર્વ્યસની હોય છે.

આજે નાનાં ગામડાથી માંડીને મોટાં મોટાં શહેરો સુધી તમાકુ, ગુટકા અને અન્ય નશીલા પદાર્થોના સેવનના વ્યસની બાળકો, યુવાનો અને વડીલો અનેક પ્રકારના ભયંકર રોગોથી ઘેરાયેલા હોય છે; ત્યારે ગુરુકુળના વિદ્યાર્થીઓ નિર્વ્યસની જીવન અપનાવીને સદાય સુખિયા રહે છે. આવું જીવન જીવવા માટે ગુરુકુળમાં કાંઈ વિશેષ શીખવવું પડતું નથી. ગુરુકુળનું વાતાવરણ જ એવું સંસ્કારસભર હોય છે કે કદાચ ગુરુકુલમાં આવ્યા પહેલા કોઈ વિદ્યાર્થી વ્યસન કરતો હોય, તો તે પણ છૂટી જાય છે અને વિદ્યાર્થી કાયમ માટે નિર્વ્યસની બની જાય છે.

ગુરુકુલનાં વાતાવરણમાં વરસો સુધી રહ્યા-ભણ્યા-

ગણ્યા, છતાં પણ જો કોઈ વિદ્યાર્થી આજે વ્યસન રાખતા હોય, તો એનું ગુરુકુલ નિવાસનું શિક્ષણ (સંસ્કારસિંચન) અધૂરું છે. એવા વ્યસની વિદ્યાર્થીઓએ ફરી વખત ગુરુકુળમાં સંતો પાસે અવશ્ય પધારવું, સત્સંગ કરવો અને જીવન શુદ્ધ બનાવવું.

ચોર પકડાઈ જાય ત્યારે બધા તેની નિંદા કરે, ધિક્કારે. પરંતુ બાલ્યાવસ્થામાં જ ઉત્તમ નિયમોના પાલન સાથે સત્સંગના વાતાવરણમાં ઉછેર થયો હોય એવા બાળકો, યુવાનો કે વડીલો ક્યારેય ચોરવૃત્તિ અપનાવી શકે નહીં. ગુરુકુલમાં દરેક માટે એવું વાતાવરણ પૂરું પાડવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓમાં અસ્તેય (અચૌર્ય વ્રત) સહેજે પ્રગટ થાય છે.

વસ્તુ- પદાર્થ કે ધનની ચોરી મનુષ્યને નિર્માલ્ય બનાવી દે છે, કામચોરી પણ માણસને ખોટો સાબિત કરે છે, અવિશ્વાસુ બનાવે છે. જ્યારે બીજાની વસ્તુ તરફ દૃષ્ટિ પણ નહીં નાખનાર વ્યક્તિઓ સમાજમાં નિષ્ઠા અને વિશ્વાસનું વાતાવરણ સર્જે છે. આજે સમાજમાં જે ભ્રષ્ટાચારે ભરડો લીધો છે તેના મૂળમાં આ સંસ્કારની ખામી છે.

ગુરુકુળના વિદ્યાર્થી તરીકે મૂલ્યવાન જીવન અપનાવીને દેશ-વિદેશના વિદ્યાર્થીઓએ માત્ર પોતાને જ નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિની જાળવણી કરી છે અને સત્સંગની ગરિમા વધારી છે.

ગુરુકુલમાં પ્રાપ્ત થતા સંસ્કારો વ્યક્તિના સમગ્ર જીવન ઉપર અસર કરે છે. માત્ર વિદ્યાર્થીઓ પૂરતી જ નહીં, પરંતુ બાળકો, યુવાનો, વડીલો, મહિલાઓ જે કોઈ ગુરુકુલ સંસ્થા સાથે જોડાય છે તેમના જીવનમાં આ સંસ્કારો પ્રગટ થતા અનુભવાય છે. આજે પણ જે હરિભક્તો ગુરુકુલમાં રહીને ભણ્યા નથી, પરંતુ સંતો સાથે સમર્પણ ભાવથી જોડાઈ ગયા હોય છે, એમને જોઈને આપણને સૌને એમ જ લાગે કે આ ગુરુકુલમાં ભણી-ગણીને તૈયાર થયેલા અભૂતપૂર્વ વિદ્યાર્થી જ છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું આ સ્વામિનારાયણ મિશન એટલું પ્રભાવક અને પ્રકાશ પાથરનારું બની રહ્યું છે કે, દેશ-વિદેશમાં વસતા અને સંસ્થા સાથે-સંતો સાથે જોડાયેલા યુવાનો, હરિભક્તોના અનેક પરિવારો સંસ્કારિત જીવનની સુગંધ સમગ્ર સમાજમાં ફેલાવી રહ્યા છે.

ગુરુકુળના સંસ્કારોનો વિસ્તાર જેટલો વિચારીએ તેટલો ઓછો છે, પરંતુ વ્યક્તિગત જીવનમાં આપણે આપણા અનુભવો પ્રગટ કરીએ તો બીજા અનેક લોકોને તેનો લાભ મળી શકે. એવા આશયથી ગુરુકુલ દર્શનના માધ્યમથી આપણે આપણા અનુભવો પ્રગટ કરવાના છે. આપણને વ્યક્તિગત રીતે તેમજ પારિવારિક રીતે ગુરુકુલના માધ્યમથી કેવી રીતે અને કયા કયા સંસ્કાર પ્રાપ્ત થયા છે; તેના અનુભવો મોકલી આપશો તો ગુરુકુલ દર્શનમાં તેને અવશ્ય પ્રગટ કરવામાં આવશે. આપના અનુભવો ભગવાન સ્વામિનારાયણના આ અનેક જીવઉદ્ધારક મિશનમાં મોટા યોગદાન સમાન ગણાશે. તેથી જરૂરથી આપના અનુભવો મોકલજો.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટના વિદ્યાર્થી તરીકે હું સૌપ્રથમ મારા અનુભવ અહીં લખી જણાવું છું.

પ્રારંભિક સંસ્કાર :

મારો જન્મ જ્યાં થયો ત્યાં સ્વામિનારાયણના નામની પણ કોઈને ખબર ન હતી. માત્ર ૩૬૦ રૂપિયાના લવાજમમાં આખું વરસ ભણવાનું, રહેવાનું, જમવાનું વિગેરે સુવિધાઓ મળે છે એવું સાંભળીને મને ગુરુકુલમાં ભણવા માટે મોકલવામાં આવેલ.

'સસ્તુ ભાડું અને સિદ્ધપુરની યાત્રા' એવા કથન પ્રમાણે શહેરમાં ભણવા જવાનું અને એ પણ ઓછા ખર્ચમાં એવું વિચારીને મારા પરિવારજનોએ મને ગુરુકુલમાં પ્રવેશ અપાવ્યો. એ મારા જીવનની ચમત્કારિક ઘટના બની રહી.

ગામડાના છોકરાઓને શહેરનું જબરું આકર્ષણ હોય છે. આજથી પચાસ વર્ષ પહેલા સાવ સામાન્ય ગામડામાંથી રાજકોટ જેવા શહેરમાં ભણવા માટે જવું એ આજે ભારતમાંથી અમેરિકા જેવા દેશમાં ભણવા જવા જેવી મહાન ઘટના હતી.

જેવા ગુરુકુળમાં આવ્યા એવા તરત જ અમારા ઉપર શુભ સંસ્કારોનો વરસાદ શરૂ થયો, સાયંકાળે થતી આરતી અને સભામાં પરમ પૂજ્ય પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામીએ પોતાની મીઠી મધુરી વાણીનો લાભ આપીને અમને સૌપ્રથમ શરીરની શુદ્ધિ, વસ્ત્રોની શુદ્ધિ અને આપણે જ્યાં રહેતા હોય એ રૂમ અને કબાટની શુદ્ધિ અંગે ખૂબ સરસ વાતો કરી. જેમાં ગ્રામ્ય જીવનના વિવિધ ઉદાહરણો અને રમુજી વાતોનો ભરમાર હતો. ઘઉંનો લોટ બાંધતા બાંધતા તેલના મોણ સાથે ભળી જતી હાથની ગંદકીની વાતો તેમજ વાછડકિયું શાક બનાવતી બહેનો અને પોતાનાં શરીરનાં મળ દ્વારા થતા રોગો વિશે ખૂબ જ આનંદિત કરીને અમને પ્રોત્સાહિત કરતા.

સવારે વહેલા વહેલા પાંચ વાગે ઊઠીને પથારીમાં બેઠા બેઠા ભગવાનને સંભારવા, ત્યારબાદ લોટામાં જળ

ભરીને શૌચક્રિયા કરવા જવું, પછી ૧૭ વખત માટીથી હાથ ધોવાના, નક્કી કરેલા એક સ્થળે બેસીને દાતણ કરવું, સ્નાન કરતી વખતે સ્વામિનારાયણ ભજન કરવાનું, સ્નાન પહેલા પવિત્ર વસ્ત્રોને અડવાનું નહીં, જેમણે સ્નાન કરી લીધું હોય તેમને પણ સ્પર્શ કરવો નહીં. સ્નાન કરીને પવિત્ર ધોતી અને પીળી શાલ ઓઢીને પૂજા કરવા પ્રાર્થના ખંડમાં આવી જવાનું. સમયપાલન સાથે આ બધી જ ક્રિયાઓ કરવાની. એ બધી ક્રિયાઓ અને વાતો બાળમાનસ ઉપર તરત જ અસર કરી ગઈ. મને એ બધી ક્રિયાઓ ગમવા લાગી. શુભ ક્રિયાઓ દ્વારા બાળકનું ઘડતર થાય છે એવી વાત કેળવણીકારો કરતા હોય છે, પરંતુ અહીં તો આ સંતો અને ગુરુકુલમાં તૈયાર થયેલા સિનિયર વિદ્યાર્થીઓ જેમને એ સમયે મોનિટર સાહેબ કહેવામાં આવતા, તેમજ વિદ્યાર્થીઓની સેવામાં સતત ધ્યાન આપતા પાર્ષદ કનુ ભગત અને શાસ્ત્રી શ્રી ભક્તિજીવનદાસજી સ્વામી મુખ્ય વ્યાવસ્થપક તરીકે વિદ્યાર્થીઓને નાની-નાની બાબતોની સમજણ અને માર્ગદર્શન આપતા.

ગુરુકુલમાં સંસ્કાર આપવા માટે ધાર્મિક વર્ગો ચલાવવામાં આવતા. સોમવારથી શનિવાર સુધી દરરોજ ધાર્મિક વર્ગમાં સત્સંગના સંસ્કારોની વાતો તેમજ દૈનિક પ્રાર્થનાઓ, સ્તોત્રો અને કિર્તનો શીખવવામાં આવતા. દર રવિવારે આ ધાર્મિક વર્ગની મૌખિક પરીક્ષા લેવામાં આવતી. વર્ષના અંતે સમગ્ર ધાર્મિક અભ્યાસક્રમની લેખિત પરીક્ષાઓ પણ લેવામાં આવતી. આ ધાર્મિક વર્ગોનું સંપૂર્ણ સંચાલન અને વ્યવસ્થાપન પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામી કરતા.

આ બધું નિયમબદ્ધ રીતે ચાલતું. એમાં ક્યાંય સમયપાલનમાં છૂટ આપવામાં આવતી નહીં. તેમજ તમારા જીવનનું ઘડતર કરવામાં આવે છે એવી પણ વાતો થતી નહીં. માત્ર ગુરુકુળના વિદ્યાર્થી તરીકે તમારે આ બધું શીખવાનું છે, કંઠસ્થ કરવાનું છે અને નિયમોનું પાલન કરવાનું છે. બસ, આટલી વાતમાં સંસ્કારની દુનિયામાં વિદ્યાર્થીઓ પ્રવેશી જતા અને આપોઆપ એનામાં રહેલી જિજ્ઞાસા, સુષુપ્ત શક્તિઓ, આવડતો અને મુમુક્ષુતા જુદી જુદી રીતે વિદ્યાર્થીઓમાં ખીલી ઊઠતા.

એ સમયમાં 'સંસ્કાર કી બલિહારી' નાટક વારંવાર ગુરુકુલના ઉત્સવ-સમસ્યાઓમાં ભજવાતું. જેની મોટી અસર ગુરુકુલના વિદ્યાર્થીઓ અને સત્સંગસમાજમાં થતી. તત્કાલીન સમાજ જીવનની એ ખૂબ જ મોટી આવશ્યકતા હતી. જેથી આ નાટક ભજવવા માટે હરિભક્તો સામેથી પોતાના ગામમાં અને શહેરમાં ગુરુકુલના વિદ્યાર્થીઓને આમંત્રણ આપતા.

આ નાટક ભજવનારા ઘણા પાત્રો સંસ્કારના રંગે રંગાઈ જતા. કાયમી ગુરુકુલમાં સમર્પિત થઈને સાધુજીવન અથવા સત્સંગપૂર્ણ સમર્પિત જીવન જીવતા. એવા સંતો, હરિભક્તો આજે ગુરુકુલના માધ્યમથી સમગ્ર સત્સંગની સેવા કરી રહ્યા છે.

ચંદ્રાવળા

- કવીશ્વર ત્રિભુવનભાઈ વ્યાસ

ધરમ જાય એનો ધ્રાસ્કો નહિ,
એનાં પ્રગટ્યાં પૂરણ પાપ
ગોલાં એના ગોઠિયાં વળી,
ભૂંડી જગતમાં છાપ;
ભૂંડી જગતમાં છાપ તે કેવી ?
નાક ઘસીને વાટવા જેવી !
કહે કોવિદરામ ફિયાસ્કો સહી
ધરમ જાય એનો ધ્રાસ્કો નહિ
એનાં પ્રગટ્યાં પૂરણ પાપ !

અયોધ્યાના ધોબી જેવા સામાન્ય નાગરિકના નિવેદનથી ભગવાન રામે સીતાનો ત્યાગ કર્યો. લક્ષ્મણ કઠણ હૃદયે સગર્ભા જાનકીને વનમાં મૂકીને વિદાય થતા હતા, ત્યારે સીતાએ કહ્યું હતું કે, "અહીં અડાબીડ અરણ્યમાં મારી રક્ષા રામ કરશે, પણ મહેલમાં હવે રામની સેવા કોણ કરશે ? તમારા મોટાભાઈને એટલું કહેજો કે, કોઈના કહેવાથી મારો ત્યાગ ભલે કર્યો, પરંતુ ક્યારેય ધર્મનો ત્યાગ ન કરશો."

આ ચંદ્રાવળામાં કવિએ ધર્મનો મહિમા કહ્યો છે. જો ધર્મથી વિમુખ થવાનું દુઃખ નહીં થાય, તો માનવું કે હવે પાપનો ઘડો ભરાઈ ગયો છે.

કુસંગને લીધે સમાજમાં પ્રતિષ્ઠા જશે અને નાક કપાઈ ગયા જેવો ફિયાસ્કો થશે.

આ તમામ પ્રકારની અધોગતિ ધર્મ જવાથી થશે.

દુર્ઘટના સે દેરી ભલી

- શાસ્ત્રી મુનિવત્સલદાસ

જીવનના દરેક કાર્યક્ષેત્રમાં ઝડપ જરૂરી છે, પણ ઉતાવળ આવશ્યક નથી હોતી. આજે આધુનિક જમાનામાં દરેક ક્ષેત્રમાં માણસ વિકાસના અનંત ગગનમાં રોકેટ ગતિએ દોડી રહ્યો છે. ઘણી વખત લોન્ચ પેડ પરથી નીકળેલુ રોકેટ બમણી ગતિએ પૃથ્વી પર પાછુ પટકાય છે અથવા તો ગન્તવ્ય સ્થળ સુધી પહોંચી શકતું નથી, એવી જ રીતે જલ્દી જલ્દી સફળતા પ્રાપ્ત કરી લેવાના આવેગમાં આવેલા લોકો જીવનના અગત્યના ક્ષેત્રમાં વિના કારણ ઉતાવળ કરી બેસે છે અને નિષ્ફળતાનો ભોગ બને છે

ગુજરાતી સાહિત્યમાં એક કહેવત છે કે 'ઉતાવળી સો ફેરા ફર.' એક માણસને પાંચમી ટ્રાયે અમેરિકાના વિઝા મળ્યા ને બીજ જ દિવસ ટિકિટ કરાવી. ફટાફટ આવશ્યક સામગ્રીથી બેગ ભરી લીધી અને સગાં-સબધીઓ સાથે અલપ ઝલપ મળીને સીધો એરપોર્ટ પર જવા રવાના થયો. રસ્તામાં યાદ આવ્યું કે પાસપોર્ટ ઘરે રહી ગયો, ઘરે પાછા આવીને પાસપોર્ટ લઈને એરપોર્ટ આવ્યો ત્યાં યાદ આવ્યું કે ટિકિટ ઘરે ભૂલાઈ ગઈ ! ફટાફટ ઘરે જઈને ટિકિટ લઈને ઉતાવળથી એરપોર્ટ પહોંચ્યો ત્યાં ખ્યાલ આવ્યો કે જે પ્લેનમાં અમેરિકા જવાનુ હતું એ પ્લેન ટેક ઓફ થઈ ગયું છે ! કોઈ પણ કાર્યક્ષેત્રમાં ઉતાવળથી આગળ વધવાના વેગમાં વારંવાર પાછા વળવા કરતાં તે કાર્યને ધૈર્ય અને ખંતથી પાર પાડવું ઉત્તમ વાત છે. આજે વિકાસના વેગમા વહેતા માણસને ધૈયનો પાઠ શીખવવો ખૂબ અઘરુ કામ બની ગયુ છે.

શિક્ષકને સ્કૂલ પહોચવાની ઉતાવળ છે તો વિદ્યાર્થીને સ્કૂલ છોડવાની ઉતાવળ છે, વેપારીને જૂનો માલ ઊંચી કિંમતે વેચવાની ઉતાવળ છે, ગ્રાહકને નવો માલ ઓછી કિંમતે લેવાની ઉતાવળ છે, અપરણિતને પરણવાની ઉતાવળ છે અને પરણેલાને છૂટા થવાની ઉતાવળ છે. આજે રેટ રેસના યુગમાં દરેક માણસને ઉતાવળ છે. જીવનનાં દરેક ક્ષેત્રમાં 'જલ્દી કરો ! જલ્દી કરો !'ના પડઘમ વાગે છે, ત્યારે ધીરજ ધારી રાખવી એ બહુ મોટી સાધના બની ગઈ છે.

આજે માણસને જેટલી ઝડપ કામ કરવામાં છે, એથી અનેકગણી વધારે ફળ મેળવવાની છે. ઘણા લોકોને તો તાજી ગોટલી વાવીને તાજી કેરી ખાવી છે. બાપના કહેવાથી દીકરાએ ઘરના આંગળે કેસર કેરીની ગોટલી વાવી, બે પાંચ દિવસમાં આંબો ઉગ્યો, છોકરો નિત ઊઠીને આંબાના છોડ પાસે જાય અને કેરી આવવાની રાહ જુએ. આબો અગિયાર દિવસનો થયો પણ કેરી ન આવી એટલે છોકરાથી ધીરજ ન રહી અને આંબાને મૂળમાંથી ઉખેડી ફેક્યો. બાપે આ દશ્ય જોઈને એટલું જ કહ્યું કે, 'બેટા ! આમ ઉતાવળે આંબા ન પાકે !' સંસ્કૃતમાં એક ઉક્તિ છે, अति सर्वत्र वर्जयेत् । સુખી અને શાંતિદાયક જિંદગી જીવવા માટે દરેક ક્ષેત્રમાં આવશ્યકતા કરતા અનિશ્ચયનો આગ્રહ છોડવો જોઈએ. કાર્યના ભારથી ઘેરાયેલા અશાંત અને ઉતાવળિયા લોકો અનેકના જીવનમાં આંધી લાવી દે છે ઝડપ રાખજો પણ ઉતાવળા થતા નહીં.

ભગવાન શ્રીકૃષ્ણ ભગવદ્ગીતામાં કહે છે, धीरस्तत्र न मुह्यति । યુદ્ધના ધોરણે દરેક કાર્યને પાર પાડવા માગતા લોકો વધારે દુ:ખી થાય છે સ્થિર થયા વિના શાંતિ ન મળે અને ધીર થયા વિના સુખ ન મળે. સુખ-શાંતિ ધીરતા ને સ્થિરતાને વરેલા છે.માણસની મોટા ભાગની દોડધામ સફળતા અને સંપત્તિ પાછળની હોય છે અને એ બન્ને વસ્તુ મેળવવા બે વસ્તુને દાવ ઉપર મૂકી છે, એ બે અમૂલ્ય બાબતો છે સુખ અને શાંતિ. આશ્ચર્યની વાત તો એ છે કે સફળતા અને સંપત્તિ મેળવવા પાછળનો માણસનો હેતુ પણ સુખ અને શાંતિ જ હોય છે ! સમયનો ભોગ આપ્યા વિના કે પુરુષાર્થ વિના સફળતા અને સંપત્તિ ન મળે એ હકીકત છે, માટે એ મેળવવા માણસે પોતાનો તમામ સમય અને શક્તિનો ઉપયોગ કરવો જોઈએ, પણ વિચાર તો કરવો જોઈએ કે એની

પાછળ ઓવરસ્પીડમાં તો નથી જઈ રહ્યા ને ? દરેક વસ્તુ અને વ્યક્તિની સમય અને શક્તિની મર્યાદા હોય છે. રબ્બરને એટલું બધુ ન ખેંચવુ જોઈએ કે એ તૂટી જાય. રબ્બર તૂટે એનો વાંધો નહીં પણ તૂટ્યા પછી એના જે હાથોથી એને બેય બાજુ ખેંચવામાં આવ્યું હોય એ બન્ને હાથોમાં રબ્બરના બેય છેડા એવા ચમચમતા વાગશે કે પછી બીજીવાર રબ્બર પકડવાનું મન નહીં થાય. જિંદગીમાં પણ આવશ્યકતા કરતા વધારે પડતી ઉતાવળ બમણો પસ્તાવો કરાવે છે.

ઉતાવળ અને અધિરાઈ આધુનિક યુગના જનમાનસને સતાવતી સમસ્યા છે. ઘણી વખત અધિરાઈ અધોગતિ તરફ લઈ જાય છે. આદિમાનવ પૈદલયાત્રા કરીને પોતાનાં કાર્ય પૂર્ણ કરતો, ત્યારે સહજ ધીરજ રાખવી અનિવાર્ય બનતી. પહેલાના જમાનામાં કાર્યો ભલે વિલંબથી થતાં, પણ માણસ માણસ વચ્ચે સ્નેહ અને સમન્વયનો સેતુ રચતા. આજે કાર્યો મશીનથી ઝડપથી થાય છે, પણ માણસ માણસ વચ્ચે અંતર વધતું જાય છે. પહેલાંના જમાનામાં માણસ પૈદલયાત્રા કરતો, આજે માણસ સાયકલ, ટુ વ્હીલર, ફોર વ્હીલર, ટ્રેન અને પ્લેનમાં મુસાફરી કરતો થયો, તોપણ એને રાકેટ ગતિએ આકાશમાં ઊડવું છે.

અંગ્રેજી ભાષામાં એક સૂત્ર છે, **OVER SPEED IS A KNIFE THAT CUTS OFF THE LIFE.** ઘણી વખત ઝડપની મજા મોતની સજા જેવી બની જતી હોય છે. આજે સમગ્ર વિશ્વમાં એક્સપ્રેસ હાઈ વે ઉપર દરરોજ ભયંકર એક્સિડન્ટ થાય છે અને નિત ઊઠીને ન્યુઝ પેપરમાં મોતના માતમ ચિતરાય છે. આ બધી રોજની રામાયણ હોવા છતાં માણસને સમજાતું નથી કે દુર્ઘટના સે દેરી ભલી. ઘણા લોકોને શરીરમાં પોતાનું જ લોહી પરોપકાર કરવા એટલું ઉતાવળું થતું હોય છે કે, બ્લડ ડોનેશન કેમ્પને બદલે જાહેર રસ્તા ઉપર જ લોહીની નદીઓ વહાવી દેતા હોય છે; એટલે સુરક્ષાકર્મીઓને જાહેર રસ્તાઓ ઉપર લખવું પડે છે કે 'દેહાંત સે દેરી ભલી.' ઘણી વખત વાહનનો સ્પીડનો કાંટો મર્યાદા કરતા વધારે આગળ વધીને રેડ લાઈન ક્રોસ કરવા માંડે, તોય માણસ પાછો વળતો નથી.



દરેક દેશના હાઈ વે ઉપર સ્પીડ લિમિટના બોર્ડ લાગેલા છે પણ મોટા ભાગના ડ્રાઈવરોની નજર એના પર પડતી નથી, એને તો માત્ર ગન્તવ્ય સ્થાન કેટલું દૂર છે ? અને વધારેમા વધારે કેટલી સ્પીડમાં ગાડી ચલાવી શકાય? એનું જ તાન હોય છે. ઘણી વખત માણસની ઉતાવળનું કારણ આળસ હોય છે. સમયસર નીકળવાને બદલે મોડા નીકળે અને પછી શોર્ટ કટ અને સ્પીડના રસ્તાઓ પકડે, પરિણામે સમયસર હોમમાં પહોંચવાને બદલે હોસ્પિટલમાં પહોંચી જાય છે. એટલે જાહેર રસ્તાઓ પર ત્રણ સૂત્રો અવશ્ય લખેલા હોય છે. **START EARLY, DRIVE SLOWLY, REACH SAFELY.** જીવનમાં ઝડપ સારી વાત છે, પણ એ ઝડપ કેટલાય નિર્દોષ લોકોની જિંદગી હડપ કરી લ્યે એ કાંઈ કહી ન શકાય.

માટીના કુંભ બનાવવા માટે જે ઝડપે ચાકળો ફરે, એથી વિશેષ ઝડપે માણસનું મન વિચારોના વેગમાં દોડી રહ્યુ છે. આજની દુનિયા વેગીલી છે, કોઈને સંપત્તિનો વેગ લાગ્યો છે તો કોઈને સંતતિનો વેગ લાગ્યો છે, કોઈને કીર્તિનો વેગ લાગ્યો છે તો કોઈને કમાણીનો વેગ લાગ્યો છે, કોઈને વિકાસનો વેગ લાગ્યો છે તો કોઈને વિષયનો વેગ લાગ્યો છે. બધાને બધું ઝડપથી મેળવી લેવું છે. હજારો વર્ષોથી સૂર્ય પ્રાતઃકાળે જ ઊગે છે, ચંદ્ર એની નિશ્ચિત સ્પીડથી જ ચાલે છે, પુષ્પો એની ઝડપે જ ખીલે છે, વરસાદ ચોમાસામાં જ આવે છે, કુદરતનો ક્રમ નિયત ગતિથી અને સમયસર ચાલે છે. જો માણસના હાથમાં હોય, તો સૌથી પહેલા માણસ બાર કલાકના દિવસને પંદર કલાકનો કરી નાખે ! જે સમય કરતાં વહેલું આવે છે એને આપણે પ્રિ-મેચ્યોર કહીએ છીએ અને જે પ્રી-મેચ્યોર હોય તે મોટા ભાગે નબળું પૂરવાર થાય છે.

સામ્પ્રત સમયે સમગ્ર વિશ્વમાં કોરોનાનો કપરો કાળ પ્રવર્તી રહ્યો છે, ત્યારે વિશ્વના વૈજ્ઞાનિકોએ કોરોનાની રસી શોધવા માટે ખૂબ ધીરજથી ક્રમ લીધું, કેટલું સંશોધન કર્યું અને આજે દરેક દેશના દરેક નાગરિકને એ રસી સરળતાથી ઉપલબ્ધ થઈ દરેક નવી શોધ પાછળ અનેકના ધૈર્ય અને શ્રદ્ધાનું પીઠબળ છુપાયેલું હોય છે. થોમસ આલ્વા એડીસને વીજળીના બલ્બની શોધ પાછળ

નવસો નવાણું નિષ્ફળ પ્રયોગો કર્યા છતાં ધીરજ ન ખૂટી અને એક હજારમા પ્રયોગે સફળતા મળી, જેનો લાભ આખી દુનિયા લઈ રહી છે. આ ધૈર્યની જ ફળશ્રુતિ છે.

ધીરજનો અર્થ એવો પણ નથી થતો કે બધુ જેમ ચાલતું હોય એમ ચાલવા દેવું. માણસનો જન્મ અનેક અણઉકેલી સ્થિતિજોને સર કરવા માટે છે. જે પોતાના સમય અને શક્તિ પ્રમાણે ઉચિત પુરુષાર્થ નથી કરતો એ પૃથ્વી ઉપર ભારરૂપ છે પુરુષાર્થ પારસમણિ છે, છતાં મહેનતની પણ મજા આવવી જોઈએ, મહેનતમા મજા જતી રહે ત્યારે એ મજૂરી બની જાય છે. ચક્કર ખાઈને પડી જાય એ પહેલાં થોડો પોરો ખાઈ લેવો જોઈએ. જે કાર્ય માટે જેટલો સમય અને શક્તિ જેવી રીતે વાપરવા જોઈએ, એ રીતે વપરાય તો એ સાર્થક છે. એક માણસ ચાલીને એક ગામ જતો હતો, પણ એ ગામનો દરવાજો સૂર્યાસ્ત થતા બંધ થવાનો હતો. રસ્તામાં એક સંત મળ્યા, પેલા માણસે પૂછ્યું કે હુ સૂર્યાસ્ત પહેલા સામે ગામ પહોચી જઈશ ? સંતે કહ્યું, ધીમે ધીમે ચાલશો તો પહોચી જશો. પેલા માણસને આશ્ચર્ય થયું કે બપોરનો સમય થવા આવ્યો છે, ગામ હજુ દૂર છે ને આ સંત મને ઉતાવળા ચાલવાને બદલે ધીમે ધીમે ચાલવાનું કહે છે ! પેલા માણસે તો સૂર્યાસ્ત પહેલા પહોચવા માટે દોટ મૂકી. રસ્તો ખાડા-ખબડાવાળો અને કાંટાળો હતો, પરિણામ એ આવ્યું કે, પેલા માણસને ઉતાવળમાં પગમાં ઘણા કાંટા લાગ્યા અને એક ડગલું પણ આગળ વધી શકે એવી સ્થિતિ રહી નહી અને ત્યાં ને ત્યાં જ અધવચ્ચે રસ્તામાં રોકાઈ જવું પડ્યું સૂર્યાસ્ત થવાને તો હજુ ઘણી વાર હતી પણ આગળ ચાલી શકે એવી ક્ષમતા જ એનામા રહી નહી, ત્યારે પેલા સંતની વાત એને સમજાણી કે ધીમે ધીમે ગયો હોત તો હું ચોક્કસ સૂર્યાસ્ત પહેલા પહોચી જાત ! નિર્ધારિત સ્થળે નિર્ધારીત સમયે પહોચવું હોય તો ગતિને નિયત કરવી જોઈએ. આ વાત દરેકને સમજાય છે, પણ જ્યારે સમજાય છે ત્યારે એ અસમર્થ અને અસહાય બની ચૂક્યો હોય છે આ ઉદાહરણ દરેક સફળતા અને દરેકની જિંદગીને લાગુ પડે છે. પ્રયત્ન ચોક્કસ કરો, પણ એની રિધમ જાળવી રાખો.

ચાકળે ચડેલા માટીના પીંડામા સીધું પાણી ન ભરાય, તેને ઘાટ આપવો પડે, નિભાડામાં પકવવું પડે અને પછી પાણી ભરાય તો ટાઢક વળે એવું ઠંડું પાણી પીવા મળે. દરેક કાર્યને સારી રીતે સફળ કરવા માટે પણ યોગ્ય માત્રમાં સમય ફાળવવો પડે. ન માત્ર કાર્ય માટે, સંબંધો સાચવવા માટે પણ સમય આપવો જોઈએ. સમયને અભાવે કોઈ સંબંધ ઉપર પૂર્ણવિરામ ન મૂકી દેવાય.

ઘણા લોકોને રાત દિ આડેધડ કામ કરતા જોઈને લોકો કહે છે કે એ વેઠ ઊતારે છે. ઝડપથી ચાલવું જરૂરી છે, પણ જે દિશામાં એ દોડી રહ્યો છે એ દિશા સાચી હોવી એના કરતા વધારે જરૂરી છે. સૂર્યોદય સમયે એક યુવાન પોતાના જ પડછાયાને ઓળંગવા માટે પશ્ચિમ દિશા તરફ દોડી રહ્યો હતો, જેમ જેમ એ પકડવા દોડે તેમ તેમ પડછાયો દૂર દૂર જ જતો હતો, સામા મળેલા સંતે એને પૂર્વ દિશા તરફ મુખ રાખવાનું કહ્યુ અને પડછાયો આપોઆપ પાછળ રહી ગયો, હકીકતમા એને કોઈ દોડધામ કરવાની જરૂર નહોતી!

વેગવાન બનવા કરતા ધૈર્યવાન બનવું શ્રેષ્ઠ છે. માણસના ધૈર્યની પરીક્ષા ત્રણ પરિસ્થિતિમાં વધારે થાય છે; એક તો કોઈ પણ કાર્યનું ધાર્યા કરતા વિપરીત કે ઓછું પરિણામ આવવાથી, બીજું આર્થિક-સામાજિક કે સાંસારિક સંકટમાં અને ત્રીજુ કોઈની રાહ જોતા હોય ત્યારે. ભગવાન શ્રીકૃષ્ણ ભગવદ્ ગીતામાં અર્જુનને ઉદ્દેશીને કહે છે, **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन** । મનુષ્યમાત્રનો અધિકાર કર્મમાં છે, ફળ ક્યારે મળશે ? અને કેટલું મળશે ? એ અધિકાર કર્મફળપ્રદાતા ભગવાન પાસે છે, માટે ધ્યેયને ધાર્યા કરવા કરતા ધૈર્યથી ધ્યેય પ્રાપ્તિ માટે મંડ્યા રહેવું સારું. ફળને પકડવા દોટ મૂકવા કરતાં ધૈર્યથી કાર્યને વળગી રહેવામાં સાર્થકતા છે. ધીરજનાં ફળ હંમેશાં મીઠાં જ હોય છે. દરેક માણસ અનેક પ્રકારના સંકટો અને પ્રશ્નોથી આજીવન ઘેરાયેલો જ હોય છે, તે સંકટો અને પ્રશ્નોથી બેબાકળા થવાને બદલે ધૈર્યથી સમાધાન શોધવું સારી વાત છે. કોઈની રાહ જોતાં જોતાં વ્યર્થ વીતેલો સમય પાછો આવતો નથી, માટે કોઈની રાહ જોવામાં સમય ભગાડવા કરતા એ સમયનો સદુપયોગ કરી લેવો બુદ્ધિમત્તા છે, **इच्छा पूरी नहीं होती तो क्रोध बढता है और इच्छा पूरी होती है तो लोभ बढता है, इसलिये सब्र करे, सब्र से सब सिद्ध होता है।**

ધીરજ એટલે ગન્તવ્ય સ્થળ અને ઝડપ વચ્ચેનું સ્પીડબ્રેકર. ગમે તેવી સારી ગાડી હોય પણ સ્પીડબ્રેકર આવે ત્યારે ધીમી નહી પાડો તો એક્સિડન્ટ થવાની પૂરી સંભાવના છે. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ધીરજાખ્યાન ગ્રંથમાં લખ્યું છે કે,

ધીરજ સમ નહિ ધન રે સંતો, આવે અર્થ ઘોરાતે દન રે સંતો.
ધીરજ ધારી રહે નરનારી, પામે તે સુખસદન.

કષ્ટ કાપવાનો એ છે કુઠારો, વાહે વિપત્તિનાં વન રે સંતો.

રાવણ મર્યો નથી, જીવે છે

- ડૉ. જગદીશ ત્રિવેદી

રાવણ એક દિવસ પાનના ગલ્લે ગયો અને ટી.વી સિરિયલમાં અરવિંદ ત્રિવેદી કરતા હતા એવું જ અટ્ટહાસ્ય કરીને બોલ્યો, "એક સિગરેટ અને નવ બીડી આપો." આ સાંભળીને મોતનો સામાન વેચનાર પાનવાળો બોલ્યો, "એમ કેમ ?" ત્યારે દશાનન બોલ્યો, "મોંઘવારી ઘણી વધી ગઈ છે, એટલે આજથી હું એકલો સિગરેટ પીશ અને બાકીના નવ મોઢાં બીડી ફૂંકીને કામ ચલાવી લેશે."

આજે નાનકડાં ગામના સરપચને મોંઘવારી નડતી ન હોય તો સોનાની લંકાના રાજાને મોંઘવારી કેમ નડતી હશે? 'સર' એટલે 'માથું' અને 'પંચ' એટલે 'પાંચ'. જેને પાંચ માથાં છે એવો એટલે સરપંચ પણ અડધો રાવણ તો હોય. જો અડધાને મોંઘવારી ન નડે તો આખાને કેમ નડે ? પરંતુ વ્યસન રાવણ જેવા રાવણને પણ રાજામાંથી રંક બનાવી શકે અમીરને ગરીબ, નિરોગીને રોગી, આબરૂદારને બેઆબરૂ અને ઈન્સાનને હેવાન બનાવી શકે છે.

રાવણ ભલે રાક્ષસ હતો પણ તમાકુથી મોટો રાક્ષસ નહીં હોય, કારણ કે રાવણને દસ માથાં ને બે હાથ હતા. જ્યારે તમાકુને હજારો માથાં અને લાખો હાથ છે, કારણ કે પાન, માવા, ગુટકા, બીડી અને સિગરેટ જેવો નનામીનો સામાન વેચતી દુકાનો વ્યસનરૂપી રાવણના માથા છે અને પૈસાની સાથે પાપ કમાતા વેપારી રાવણના હાથ છે.

રાવણ નવે નવ ગ્રહને પોતાના ઢોલિયા સાથે બાંધી દે એવો શક્તિશાળી હતો, છતાં પોતાની સાવ નાનકડી બે ઇચ્છા પૂરી કરી શક્યો નહોતો : એક તો રાવણ ક્યારેય ટીશર્ટ પહેરી શક્યો નહોતો, કારણ કે દશ માથાં આવી જાય એવડા મોટા ગળાનુ ટીશર્ટ આજ દિવસ સુધી બન્યુ નથી. રાવણ તો પોતાની શારીરિક મુશ્કેલીને કારણે ટીશર્ટ પહેરી ન શક્યો, પણ તમાકુના વ્યસનરૂપી રાવણ જેમને વળગ્યો છે એવા લોકો તો આર્થિક મુશ્કેલીના કારણે ઇચ્છા મુજબ કપડાં પહેરી શકતા નથી.

બીજી ઇચ્છામાં રાવણ ક્યારેય આડા પડખે સૂઈ ન શક્યો, કારણ કે રાવણના માથાં રાવણ માટે માથાનો દુખાવો બની ગયાં હતાં. રાવણ જો ડાબા કે જમણા પડખે સૂવા જાય તો પલંગમાં હળ પડ્યું હોય એવું લાગે, છતાં રાવણ ચત્તો કે ભટ્ટો, મતલબ સીધો કે ઊંધો અવશ્ય સૂઈ શક્તો હશે, પણ વ્યસનનો ભોરિંગ જેમને આભડી ગયો છે એવા રાવણો દમ, ઉધરસ, ટી.બી કે કેન્સર જેવા રોગનો ભોગ બની કોઈ પણ રીતે સૂઈ શકતા નથી. આવા માણસો પોતે તો પોતાનાં કર્યા ભોગવે છે, પણ પોતાનાં ચાહનારાં પરિવારજનોને વગર વાંકે આખી જિંદગી ઉજાગરો કરાવતા હોય છે.

એક વડીલને તમાકુના વ્યસનથી એવી ભયંકર ઉધરસ થઈ જે કોઈ પણ ઉપાયે મટતી નહોતી. એક વાર એમણે ડાક્ટરને કહ્યું, "મારી ખાંસીનો અવાજ મારા હૃદયમાં વાગે છે, માટે મારે મારી ખાંસીનો અવાજ સાભળવો ન પડે એવું કરી આપો." વ્યસનીના નસીબ નબળા કે ડાક્ટર બુદ્ધિનો બળદ નીકળ્યો. તેણે ઉધરસ મટાડવાને બદલે બંધાણીના બન્ને કાન **out of order** કરી દીધા. પેલો બિચારો પોતાના એકના એક મોઢેથી જાતે ખાધેલી ઉદરસ ખુદના સગા કાને પણ સાંભળી ન શકે એવો ભવ્ય બહેરો થઈ ગયો.

આ વડીલને એકવાર મારા કાર્યક્રમમાં આવેલા જોઈને મેં કહ્યું, "તમારા જેવા ચકાચક બહેરાને હસાવવા હોય તો મારે સ્ટેજ ઉપરથી નીચે ઊતરીને ગલગલિયાં કરવાં પડે અને મારા ધંધાના વિકાસ અર્થે આવી સર્વિસ આપવા માંડું તો બહેરાં-મૂગાંની શાળામાં પણ મારા કાર્યક્રમો સફળ થઈ શકે, પણ એ મારાથી શક્ય નથી. પરતુ તમે તો માત્ર મારુ મુખારવિંદ જોવા માટે જ આવ્યા હશો, ખરું ને?"

ત્યારે એ વડીલ બોલ્યા, "અલ્યા ! તારા થોબડામાં જોવા જેવું છે શું તે આવું ? પણ મારી લાચારી મને ઢસડી લાવી છે. મારી ખાધેલી ઉધરસ ભલે હું સાંભળી શકતો નથી, પણ મારો પરિવાર તો બરાબર સાંભળી શકે છે. મારાં સ્વજનો મારી ખાંસીથી કંટાળી જાય છે ત્યારે એમની શાંતિને ખાતર મને બે-ત્રણ કલાક આવા મેળાવડામાં મૂકી જાય છે. એમનો વાંક નથી, બધો વાંક મારો અને તમાકુનો છે."

લંકાના રાવણે તો એક જ ઘરની સીતાનું હરણ કર્યું હતું, જ્યારે તમાકુના વ્યસનરૂપી રાવણે તો લાખો ઘરમાંથી શાંતિરૂપી સીતાનું હરણ કર્યું છે માત્ર શાંતિનુંહરણ નહીં, મારણ પણ કર્યું છે. વિશ્વના લોકો વ્યસનના રાવણને મારી, માનવમાંથી દાનવ થવાને બદલે મહામાનવ થાય એવી શુભેચ્છા.



સમાચાર દર્શન

જન્માષ્ટમી મહોત્સવ

ભગવાન શ્રીરામ-શ્યામ-ઘનશ્યામ ભારતીય સંસ્કૃતિના પ્રાણ છે. ભગવાન શ્રીકૃષ્ણનું પ્રગટ્ય જન્માષ્ટમી મહોત્સવ ભારતવર્ષનો મુખ્ય મહોત્સવ છે. ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય સર્વના જીવનને નવપલ્લવિત કરે છે. ત્યારે અમદાવાદ ગુરુકુલ ખાતે ૩૦ ઓગષ્ટના રોજ પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. મહોત્સવના પ્રારંભે ગુરુકુલ ગાયકવૃંદ દ્વારા પ્રાગટ્ય મહોત્સવના કીર્તનોનું ગાન થયું. ત્યારબાદ પરમ પૂજ્ય સ્વામીજીએ ભગવાનના પ્રાગટ્યની કથા સાથે પ્રાગટ્યના પ્રયોજનને વણી ખૂબ રસપ્રદ કથાનું સુખ આપ્યું હતું. સાથે સાથે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ આજે અનોખા મહોત્સવની જાહેરાત કરી હતી. સદ્‌વિદ્યા સદ્ધર્મ રક્ષક પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે ગુરુકુલની સ્થાપના કરી એક નોખો માર્ગ ચિંધ્યો છે. એ ગુરુકુલની સ્થાપનાને ૩૫ વર્ષ થઈ રહ્યા છે ત્યારે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ ગુરુદેવનું જીવન કવન ખૂબ જ વિસ્તારથી આલેખ્યું છે. એ ગ્રંથસ્થ થયેલા જીવન કવનનું વિમોચન ૬ માર્ચ, ૨૦૨૨ના રોજ સાંજે 'ભાવવંદના પર્વ' પ્રસંગે કરવામાં આવશે. આ અનેરા મહોત્સવની જાહેરાતથી ઉપસ્થિત સહુ ભક્તો-સંતોના હૃદયમાં હરખની હેલી ચડી હતી.

બરાબર બાર વાગ્યાના સુમારે ભગવાન શ્રીકૃષ્ણના જયજયકાર સાથે પ્રાગટ્ય આરતી થઈ હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત સંતો વિદ્યાર્થીઓ તથા ભક્તોએ રાસ લઈ ભગવાનના પ્રાગટ્યનો આનંદ વ્યક્ત કર્યો હતો. મહોત્સવના અંતે ઉપસ્થિત ભક્તજનો પંચાજીરીનો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

પૂજ્ય જોગીસ્વામી પૂન્યતિથિ

સદ્‌ગુરુ સંતોની તપશ્ચર્યાને પ્રતાપે ગુરુકુલ જાણે નૈમિષારણ્ય ક્ષેત્ર બન્યું છે અને અખંડ ભજનનો પ્રવાહ વહેતો રહે છે. ત્યારે પૂજ્ય જોગી સ્વામીની દસમી પુન્યતિથિ સંતો ભક્તો તથા વિદ્યાર્થીઓએ ખૂબ જ ભજન કરીને ઉજવી હતી. તારીખ ૬ સપ્ટેમ્બરના રોજ પુણ્યતિથિ પ્રસંગે SGVP, અમદાવાદ, દ્રોણેશ્વર તથા રીબડા ગુરુકુલમાં ભજનના અનેરા આયોજનો થયા હતા. અમદાવાદ ગુરુકુલ, દર્શનમ્ સસ્કૃત મહાવિદ્યાલય તથા SGVP હોસ્ટેલના વિદ્યાર્થીઓ, હરિભક્તો તથા મહિલા મંડળના બહેનોએ અખંડ ધૂન, મંત્રલેખન, દંડવત્, પ્રદક્ષિણા, શાસ્ત્ર વાંચન વગેરે ભજનના આયોજનો કરી પૂજ્ય જોગી સ્વામીને શ્રદ્ધાંજલી અર્પણ કરી. ગુણાનુવાદ સભાના પ્રારંભે SGVP ગુરુકુલ ખાતે આવેલ મહાન તીર્થભૂમિ હૃદય કુટીરે સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનોએ પુષ્પાંજલી અર્પણ કરી હતી. ત્યારબાદ સભાના આરંભે પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ જોગી સ્વામીના જીવનના કેટલાક પ્રસંગો કહી સ્વામીના મહાન ગુણોનું વર્ણન કર્યું હતું.

જલઝીલણી મહોત્સવ

પ્રાચીન તીર્થ દ્રોણેશ્વર મહાદેવનું સાંનિધ્ય અને ઋષિતોયા મચ્છુન્દ્રી નદીના પટમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે તારીખ ૧૭ સપ્ટેમ્બરના રોજ ભવ્ય જળઝીલણી મહોત્સવ ઉજવાયો.

મહોત્સવ પ્રારંભે ગુરુકુલ પરિસરમાંથી મહોત્સવ સ્થાન સુધી ઠાકોરજીની ભવ્ય શોભાયાત્રાનું આયોજન થયું હતું જેમાં ગુરુકુલના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ, હરિભક્તો જોડાયા હતા. મહોત્સવના પ્રારભે ગુરુકુલની વિદ્યાર્થીનીઓએ સાસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. ત્યારબાદ સતો પધારતા ઠાકોરજી તથા મચ્છુન્દ્રી મૈયાનું પૂજન કરી પ્રથમ આરતી થઈ હતી.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની નિશ્રામાં યોજાયેલ મહોત્સવમાં આસપાસના અનેક ગામોના હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ ભક્તિભીનું પદ 'નાગર નંદજીના લાલ...'ને આધારે ભગવાનનો મહિમા, ભક્તિની શક્તિ અને જળઝીલણી મહોત્વસનો મર્મ સમજાવ્યો હતો. આ ઉપરાંત આજે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ હોવાથી સ્વામીજીએ

આજે ભારતવર્ષમાં થતી ક્રાંતિને વખાણી હતી. તેમના દ્વારા તથા હિન્દુ ધર્મના રક્ષણ માટેના કાર્યોને વખાણ્યા હતા. સાથે સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીતાનંદ સ્વામી આદિ સંતોની ચરણરજથી પાવન થયેલી નાધેરની તપોભૂમિને વખાણી હતી. આ પાવનભૂમિને વધારે પાવન બનાવવા ગામડે ગામડે સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ અભિયાન ચલાવવા દરેકને અનુરોધ કર્યો હતો.'

આ પ્રસંગે પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીએ ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ આપ્યા બાદ કેટલીક પ્રાસંગિક વાતો કરી હતી.

ઠાકોરજીનો નૌકાવિહાર, વિવિધ નૃત્યો, ચાર આરતી વગેરે આયોજનો સાથે ઉજવાયેલા મહોત્સવને માણી ઉપસ્થિત ભક્તજનો ધન્યભાગી બન્યા હતા. આ ઉપરાંત નૂતન વર્ષના કેલેન્ડરનું વિમોચન કરવામા આવ્યુ હતુ. મહોત્સવના અંતે સદ્‌ગુરુ સંતોએ યજમાનોને આશીર્વાદ પાઠવ્યા હતા તથા ગામોગામથી વિશાળ સંખ્યામાં પધારેલા ભક્તજનો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

મહોત્સવની તમામ વ્યવસ્થા ભંડારી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય નરનારાયણદાસજી સ્વામી તથા આસપાસના ગામોના ભક્તજનોએ સંભાળી હતી.

અયોધ્યા-બનારસ યાત્રા

તારીખ ૧૮થી ૨૩ ઓગસ્ટ દરમિયાન પૂજ્ય સ્વામીજી સંતમંડળ સાથે લખનૌ, અયોધ્યા, છપૈયા, બનારસ વગેરે તીર્થસ્થાનોની યાત્રાએ પધાર્યા હતા. આ યાત્રા દરમિયાન સાથે હિન્દુ આચાર્ય સભાના કેટલાક આચાર્યો પણ જોડાયા હતા.

મુખ્યમંત્રી સાથે મુલાકાત : તારીખ ૧૯ ઓગસ્ટના રોજ લખનૌ ખાતે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથજીના નિવાસસ્થાને હિંદુ આચાર્ય સભાના સંતોની સાથે મુખ્યમંત્રીશ્રી બેઠક યોજાઈ હતી. આચાર્ય સભાના ધર્માચાર્યો પૂજ્ય પરમાત્માનંદજી મહારાજ, પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય વિશ્વેશ્વરાનંદજી મહારાજ, પૂજ્ય જ્ઞાનાનંદજી મહારાજ, પૂજ્ય કૃષ્ણમણીજી મહારાજ, પૂજ્ય શંભૂનાથજી મહારાજ તથા તેમના સુપુત્ર યોગીરાજ, બ્રહ્મેશાનંદજી મહારાજ વગેરે ધર્માચાર્યો જોડાયા હતા. આ બેઠકમાં આદિત્યનાથજી સાથે અયોધ્યા ખાતે નિર્માણાધીન રામ મંદિર તથા હિંદુ ધર્મને લગતી કેટલીક ચર્ચાઓ થઈ હતી. મુખ્યમંત્રીશ્રી તથા ધર્માચાર્યોએ કેટલા નૂતન વિચારોની પણ આપ-લે કરી હતી.

રામ જન્મભૂમિ નૂતન મંદિરની મુલાકાતે : હિન્દુ આચાર્ય સભાના ધર્માચાર્યો અયોધ્યા ખાતે રામ જન્મભૂમિ ઉપર નિર્માણ પામી રહેલા મંદિરની મુલાકાતે પધાર્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણી શ્રી સંપતરાયજીના માર્ગદર્શન નીચે સહુ ધર્માચાર્યોએ પ્રથમ રામલલાનાં દર્શન કર્યા હતાં. ત્યારબાદ જ્યાં નૂતન મંદિર નિર્માણ પામી રહ્યું છે ત્યાં સહુ નિરીક્ષણ માટે પધાર્યા હતા. અદ્‌ભુત અને અકલ્પનીય મંદિર નિર્માણની કાર્યપદ્ધતિ જોઈને સહુ ધર્માચાર્યો ખૂબ જ પ્રસન્ન થયા હતા. મંદિરના પાયામાં ૧૩ મીટર જેટલી કોંક્રેટની ભરતી કરીને મંદિરનો પાયો મજબૂત કરવામાં આવ્યો છે આ અદ્‌ભુત દ્રશ્યનું દર્શન ભવિષ્યમાં દુર્લભ રહેશે. સુપ્રસિદ્ધ કન્સ્ટ્રક્શન કંપની લાર્સન એન્ડ ટુબ્રોના કોન્ટ્રાક્ટરના માર્ગદર્શન નીચે મંદિરનુ નિર્માણ થઈ રહ્યું છે.

ત્યારબાદ મંદિર નિર્માણમાં જેમનું અનેરું યોગદાન રહ્યું છે એવા પરમ પૂજ્ય નૃત્યગોપાલદાસજી મહારાજનાં દર્શને સહુ ધર્માચાર્યો પધાર્યા હતા. સહુ ધર્માચાર્યોએ મહારાજશ્રીની તબિયત અંગે ખબરઅંતર પૂછ્યા હતા. આ ઉપરાંત અયોધ્યાના સુપ્રસિદ્ધ મંદિર હનુમાન ગઢી તથા બંસીવાલાબાબા દ્વારા નિર્માણ પામેલ જાનકી મહલના દર્શને પધાર્યા હતા. અહીં ગીતામનીષી જ્ઞાનાનંદજી મહારાજે સહુ ધર્માચાર્યોનો પરિચય કરાવ્યો હતો. અહીં ચાલી રહેલી શ્રીમદ્ રામાયણની કથામાં ધર્માચાર્યોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોને શુભ આશીર્વાદ પાઠવ્યા હતા.

બનારસ (કાશી) દર્શન : પૂજ્ય સ્વામીજીએ બનારસમાં સાત વર્ષ સુધી સંસ્કૃત શાસ્ત્રોનો વિદ્યા અભ્યાસ કર્યો હતો. અભ્યાસ પૂર્ણ થયા બાદ લગભગ ૪૫ વર્ષ પછી બનારસ પધારવાનો અવસર પ્રથમ વાર પ્રાપ્ત થયો. બનારસમાં સ્વામીજીએ કાશી વિશ્વનાથ તથા અન્ય મંદિરોના દર્શન કર્યા હતા. સાથે સાથે બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં સંસ્થાપિત શ્રી કાશી વિશ્વનાથ મહાદેવનો રક્ષાબંધન પૂર્ણિમાના પાવન અવસરે રુદ્રાભિષેક કર્યો હતો. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજી સાથે BHU યુનિવર્સિટીના કુલપતિ વી. કે શુક્લાજી, વિદ્વાન કમલેશજી ઝા, પ્રબંધક વેદ પંડિત સુનિલજી તથા અન્ય

વિદ્વાનો મહાદેવજીના અભિષેકમાં સાથે જોડાયા હતા. આ પાવન અવસરે મહાદેવજીના સાંનિધ્યમાં જ પૂજ્ય સ્વામીજી દ્વારા સંસ્કૃત ભાષામાં લખાયેલા તથા સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં સામેલ થયેલા 'વચનામૃત ભૂમિકા' નામના ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું. બનારસમાં ત્રણ દિવસના રોકાણ દરમિયાન પૂજ્ય સ્વામીજી સંપૂર્ણાનંદ સંસ્કૃત યુનિવર્સિટીની મુલાકાત કરી હતી તથા અન્ય સંતો, વિદ્વાનો સાથે ગોષ્ઠી કરી હતી.

છપૈયા દર્શન : આ યાત્રા દરમિયાન શ્રીહરિ પ્રાગટ્યભૂમિ તીર્થરાજ છપૈયાના દર્શને પણ પધાર્યા હતા. અહીંના બે દિવસના રોકાણ દરમિયાન શ્રી ઘનશ્યામ મહારાજનું સાંનિધ્ય પ્રાપ્ત કરી તીર્થ સ્વરૂપ ધારણ કરેલા સ્થાનોના દર્શન કરી સંતોએ ધન્યતા અનુભવી હતી.

શ્રદ્ધા સુમન

આ.નિ. પ.ભ. મગનભાઈ આર. પટેલ :- સિકાગો નિવાસી પ.ભ. શ્રી મગનભાઈ પટેલ ૩ સપ્ટેમ્બરના રોજ ભજન-સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. મગનભાઈ એટલે સત્સંગનું કેન્દ્ર. સંતો સાથે અપાર સ્નેહ, ભગવાનમાં અપાર ભક્તિ. એમની સમજણ દાદ માગી લે તેવી. શ્રીહરિની મૂર્તિમાં મનને જોડવું એ એક જ એમનું પ્રયોજન. આવા મહાન ભક્તને ગુરુકુલ અને સંતો પ્રત્યે અપાર શ્રદ્ધા હતી. સિકાગો સત્સંગ સમાજના તેઓ સ્તંભ સમાન હતા. આવા ભક્તના અક્ષરવાસથી સમગ્ર સંપ્રદાયને મોટી ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ મગનભાઈને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. પ.ભ. મધુભાઈ બારભાયા :- રાજકોટ નિવાસી તથા પત્રકાર જગતમાં ખૂબ મોટું નામ ધરાવનારા પ.ભ. શ્રી મધુભાઈ બારભાયા ૨૦ ઓગસ્ટના રોજ ૭૯ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. મધુભાઈ ગુરુકુલ અને સંતો સાથે ખૂબ સારી રીતે જોડાયેલા હતા. ભગવાન શ્રીહરિ મધુભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા નવિનચંદ્રભાઈ, હસમુખભાઈ, વિમલભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. પ.ભ. ગંગારામભાઈ મહાદેવભાઈ પટેલ :- અમદાવાદ નિવાસી તથા ગુરુકુલ સાથે જોડાયેલા પ.ભ. શ્રી ગંગારામભાઈ પટેલ ૧૬ ઓગસ્ટના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારની સેવાઓ અજોડ રહી છે. અમદાવાદ દેશમાં ખૂબ મોટું વ્યક્તિત્વ, સત્સંગમાં અગ્રગણ્ય અને ગુરુકુલ સાથે જોડાયેલા ગંગારામભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા ઈશ્વરભાઈ, નટવરભાઈ, ગણપતભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. પ.ભ. નરશીભાઈ માવજીભાઈ વેકરિયા :- રાજકોટ નિવાસી તથા પૂજ્ય વિશ્વવિહારી સ્વામીના પૂર્વાશ્રમના પિતાશ્રી નરશીભાઈ ૧૧ ઓગસ્ટના રોજ અક્ષરવાસી થયા છે. આજે આ આખો પરિવાર ગુરુકુલ સાથે ખૂબ નિષ્ઠાથી જોડાયેલો છે. નરશીભાઈ પણ ખૂબ સારા ભક્ત હતા. ભગવાન શ્રીહરિ નરશીભાઈને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો વિનુભાઈ, પ્રવિણભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. પ.ભ. હરિભાઈ ધરમશીભાઈ રોકડ :- ગુરુકુલના અનન્ય સેવક અને સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર પ.ભ. શ્રી હરિભાઈ રોકડ ૨૭ ઓગસ્ટના રોજ અક્ષરવાસી થયા છે. હરિભાઈએ ખૂબ ભજન કર્યું હતું. સ્વયં શ્રીહરિ તેડવા આવવાના છે એવો અણસાર એમને અગાઉથી આવી ગયો હતો. એમણે એમના સંતાનોમાં પણ ખૂબ સારા સંસ્કારોનું સિંચન કર્યું છે. ભગવાન શ્રીહરિ હરિભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો શૈલેષભાઈ, મહેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. પ.ભ. વશરામભાઈ મનજીભાઈ વેકરિયા :- ગુરુકુલના અનન્ય સેવક તથા ફાટસર નિવાસી વશરામભાઈ વેકરિયા ૭૩ વર્ષની ઉંમરે ૧૦ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. દ્રોણેશ્વર ગુરુકુલના નિર્માણમાં અપાર સેવા, ભજનનું અંગ અને આખો પરિવાર સમર્પિત. આવા વશરામભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો ભગવાનભાઈ, રમેશભાઈ, જયસુખભાઈ, ચંદુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. શ્રી ગૌરીબેન અમરશીભાઈ ભોરણિયા :- મોરબી નિવાસી ભક્ત પરિવારના ગૌરીબેન ભોરણિયા ૧૦૧ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ ગૌરીબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા જયંતીભાઈ, ચંદુલાલભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. શ્રી કુંવરબેન મનજી ધનજી રાઘવાણી :- બળદિયા નિવાસી, ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા અને સમર્પિત પરિવારના પવિત્ર આત્મા શ્રી કુંવરબેન શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ કુંવરબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. શ્રી રીમાબેન મનજીભાઈ હિરાણી :- વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલા સેવક પરિવારની યુવાન દીકરી રીમાબેન ૨૦ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ રીમાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. શ્રી પાર્વતીબેન તુલસીભાઈ મેઘાણી :- રાજકોટ નિવાસી તથા ગુરુકુલ સાથે જોડાયેલા પરિવારના શ્રી પાર્વતીબેન મેઘાણી ૨૪ ઓગસ્ટના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ પાર્વતીબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા તુલસીભાઈ, પુત્ર ચિરાગ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

શ્રી પ્રેમીલાબેન રાવજીભાઈ કેરાઈ
શ્રી મંજુબેન હિરજીભાઈ આશાણી, લંડન
પ.ભ. શ્રી નારણભાઈ કુંવરજીભાઈ વેકરીયા
પ.ભ. શ્રી પિયુષભાઈ નાથાભાઈ સાવલીયા
પ.ભ. શ્રી જગદીશભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી ભરતસિંહ હરિસિંહ વાઢેર,
શ્રી બલભદ્રસિંહ વાઢેર, જામનગર
પ.ભ. શ્રી રજનીભાઈ કાનાભાઈ પિપરોતર, ધાંગ્રધા
પ.ભ. શ્રી કાંતાબેન ગોવિંદભાઈ હાલાઈ, લંડન
પ.ભ. શ્રી શિવજીભાઈ ગોવિંદભાઈ કેરાઈ, યુ.કે.
શ્રી કુ. વેદાંશી ધર્મેશભાઈ પટેલ, કેનેડા
શ્રી કુ. કલ્પાબેન હંસરાજભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી રાજેન્દ્રભાઈ જેઠાભાઈ પટેલ, અમદાવાદ
શ્રી સરલાબેન દિનેશ જાદવા
શ્રી દર્શિતા દિનેશભાઈ જાદવા
પ.ભ. શ્રી વિવાન નમિશભાઈ ઠાકરડા, જામનગર
પ.ભ. શ્રી નારણભાઈ કરશનભાઈ વેકરીયા
તથા પુરબાઈ નારણભાઈ વેકરીયા, ગામ-બળદિયા
પ.ભ. શ્રી ચંદ્રકાંતભાઈ પરમાર તથા
સોહમ-સાક્ષી પરમાર, જુનાગઢ
અ.નિ. શ્રી શામજીભાઈ પ્રેમજીભાઈ રાઘવાણી, બળદિયા
અ.નિ. શ્રી કલ્યાણભાઈ મુળજીભાઈ નારદાણી પરિવાર
હ.પ્રેમીલાબેન કેસરાભાઈ નારદાણી, યુ.કે.
પ.ભ. શ્રી રાજાભાઈ લોહાણા, મૂંબઈ
અ.નિ. શ્રી ગીતાબેન અરવિંદભાઈ ઠક્કર,
હ.ધવલકુમાર, અમદાવાદ
પ.ભ. શ્રી ધનજી લાલજી મનજી મેઘાણી, લંડન
પ.ભ. શ્રી ભૌતિક કિશોરભાઈ પટેલ, વાપી
શ્રી અનિલાબેન શાંતિભાઈ પટેલ, છતિસગઢ
પ.ભ. શ્રી વાલજીભાઈ તથા હેમંતભાઈ વિરડીયા
હ. પંકજ વિરડીયા, મુંબઈ
પ.ભ. શ્રી જતિનભાઈ અમીન, અમદાવાદ
પ.ભ. શ્રી ધીરુભાઈ ભુકીવાળા, રાજકોટ
શ્રી ચેરીબેન નૈતિકભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી કેસરા દેવરાજ હિરાણી, માનકુવા
પ.ભ. શ્રી જયદેવ દિવ્યેશ ગોવિંદ ભંડેરી, વુલ્વીચ-યુ.કે.
પ.ભ. શ્રી પરસોતમભાઈ બોડા, રાજકોટ
પ.ભ. શ્રી રાજેશભાઈ છેલશંકરભાઈ જોષી, અમદાવાદ
અ.નિ. શ્રી.ગોબરભાઈ મનજીભાઈ બાવીસીયા તથા
અ.નિ. લાલજીભાઈ મનજીભાઈ બાવીસીયા,
હ.મહેન્દ્રભાઈ, અમદાવાદ
અ.નિ. નરશીભાઈ જીવાભાઈ પડશાળા
તથા અ.નિ. સમજુબેન નરશીભાઈ પડશાળા
હ.ગોરધનભાઈ તથા મુકુંદભાઈ, અમદાવાદ
અ. નિ. યોગેશકુમાર કનુભાઈ તળાવિયા
તથા અ.નિ. મગનભાઈ ભીમજીભાઈ સુહાગીયા,
હ. ડૉ. કિરીટભાઈ ભગવાનભાઈ સુહાગીયા, યુ.કે.

આગામી આયોજન

તા. ૦૨/૧૦/૨૧, શનિવાર : **ઇન્દિરા એકાદશી**
તા. ૧૪/૧૦/૨૧, ગુરુવાર : **શ્રીહરી જયંતી**, શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર પૂજન, નીલકંઠવર્ણી પયોભિષેક, અમદાવાદ ગુરુકુલ
તા. ૧૬/૧૦/૨૧, શનિવાર : **પાશાંકુશા એકાદશી**
તા. ૨૦/૧૦/૨૧, બુધવાર : **શરદપૂર્ણિમા**, શ્રીઘનશ્યામ મહારાજ પાટોત્સવ તથા શરદોત્સવ, છારોડી ગુરુકુલ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથજી સાથે ધર્માચાર્યો તથા પૂજ્ય સ્વામીજી, લખનૌ

શ્રીરામ જન્મભૂમિ ઉપર નિર્માણ પામી રહેલા નૂતન મંદિરનું નિરીક્ષણ કરી રહેલા ધર્માચાર્યો તથા પૂજ્ય સ્વામીજી, અયોધ્યા

પૂજ્ય સ્વામીજી દ્વારા લખાયેલ સંસ્કૃત ગ્રંથ વચનામૃત ભૂમિકાનું વિમોચન કરતા, કુલપતિશ્રી તથા વિદ્વાનો, B.H.U. વારાણસી

કૃષ્ણ જન્મોત્સવની આરતીના દર્શન તથા 'શ્રી ધર્મજીવન ગાથા' ગ્રંથ વિમોચન પ્રસંગે ઉજવાનાર ભાવવંદના પર્વની જાહેરાત કરતા પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, અમદાવાદ ગુરુકુલ

SGVP ગુરુકુલ રીબડા (રાજકોટ) આયોજિત

ભક્તિસત્ર-૨ અંતર્ગત

ધનુર્માસના પવિત્ર દિવસોમાં

૧૦૮ સંહિતા પારાયણ

૨૫ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧

પ્રેરક :- પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

નોંધ : દિવંગત આત્માઓની પવિત્ર સ્મૃતિમાં, શુભ સંકલ્પ પૂર્તિ માટે તથા ભગવત્ પ્રસન્નતા માટે સંહિતાપાઠ કરાવી શકાશે.
આપણી બધી જ સંસ્થાઓમાં નામ લખાવી શકાશે.

: સંપર્ક :
મેમનગર ગુરુકુલ (સાધુ મુક્તસ્વરૂપદાસ) +91 9099092558
રીબડા ગુરુકુલ (સાધુ ધર્મવત્સલદાસ) +91 9879000955
SGVP ગુરુકુલ (સાધુ ગુણસ્વરૂપદાસ) +91 9265956713
દ્રોણેશ્વર ગુરુકુલ (સાધુ નરનારાયણદાસ) +91 9909977726

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937, Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 Issued by the RSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.

દ્રોણેશ્વર મહાદેવજીના સાંનિધ્યમાં જળજીલણી મહોત્સવ પ્રસંગે
ઠાકોરજીનું પૂજન, ઉપસ્થિત સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનો, દ્રોણેશ્વર ગુરુકુલ

ગુજરાતના નવનિયુક્ત મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે કાર્યભાર સંભાળતા પહેલા
ગૌપૂજન કરી પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના દર્શન કર્યા હતા, SGVP

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To,

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

છૂટક અંક રૂા. ૫/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-